# FEE REFUND GUIDELINES

## વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં ફી પરત માટે અનુસરવાની કાર્યરીતિ

## શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨

ગુજરાત રાજ્યમાં વ્યવસાયિક અભ્યાસક્રમો જેવા કે, ડિગ્રી/ડિપ્લોમા ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી, આર્કિટેક્ચર, હૉટેલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ, એમ.બી.એ. તથા એમ.સી.એ. ચલાવતી સ્વનિર્ભર સંસ્થાઓમાં સરકારી બેઠકો અથવા સંચાલક મંડળની બેઠકો ઉપર પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી દ્વારા પ્રવેશ રદ કરાવતી વખતે ફી પરત કરવા માટે નીચે મુજબની કાર્યરીતિ અનુસરવાની રહેશે.

(૧) કોઈપણ સંસ્થા કોઈપણ સંજોગોમાં ઉમેદવારોનાં અસલ શૈક્ષણિક પ્રમાણપત્રો પોતાના કબજામાં જમા લઈ શકશે નહીં. પ્રવેશ માટે, પ્રવેશ મેળવતી વખતે અસલ પ્રમાણપત્રો માત્ર ચકાસણી અર્થે માંગી શકાશે, **જે ચકાસણી થયે ઉમેદવારોને તુરંત પરત કરવાના રહેશે.**

(૨) કોઈપણ અભ્યાસક્રમમાં ઉમેદવાર પ્રવેશ મેળવી, પોતાનો પ્રવેશ, પ્રવેશ-કાર્યવાહી દરમ્યાન રદ કરાવે અને તે બેઠક અન્ય ઉમેદવાર દ્વારા ભરાઈ જાય તે સંજોગોમાં, ઉમેદવારે ભરેલી ટ્યુશન ફીમાંથી, સંસ્થા દ્વારા રૂા. ૧૦૦૦ વહીવટી ચાર્જ કાપી બાકી રહેતી તમામ રકમ તાત્કાલિક પરત કરવાની રહેશે.

(૩) પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ જો ઉમેદવાર પ્રવેશ રદ કરાવે તો, ઉમેદવારે ભરેલી પ્રથમ સેમેસ્ટરની ફી સંસ્થા ખાતે ડિપોઝીટ તરીકે રહેશે અને ઉમેદવારે પ્રવેશ રદ કરાવવાને કારણે ખાલી પડેલી બેઠક સંસ્થા સ્તરે છૂટી-છવાઈ બેઠકો અંતર્ગત ભરાઈ જાય તો, સંસ્થાએ રૂા. ૧,૦૦૦ વહીવટી ખર્ચ કાપી ઉમેદવારે ભરેલી ટ્યુશન ફી પરત કરવાની રહેશે. હોસ્ટેલ ફી ઉમેદવારનાં રહેવાસનાં સપ્રમાણમાં કાપી લઈ બાકીની રકમ પરત કરવાની રહેશે. છૂટી-છવાઈ બેઠકોની કાર્યવાહી પૂર્ણ કરી પ્રવેશ સમિતિ ખાતે, એન્ડોર્સમેન્ટ માટે સંસ્થા જ્યારે દરખાસ્ત કરે ત્યારે સંસ્થાએ ખાલી પડેલી બેઠકની ફી ઉમેદવારને પરત કરેલી છે, તેવું પ્રમાણપત્ર, આવા કિસ્સાઓની સંપૂર્ણ યાદી સાથે રજૂ કરવાનું રહેશે.

(૪) પ્રવેશની કાર્યવાહી તથા યુનિવર્સિટીમાં એનરોલમેન્ટની કાર્યવાહી પૂર્ણ થયા બાદ, જો કોઈ ઉમેદવાર પોતાનો પ્રવેશ રદ કરાવે તો ઉમેદવારે પ્રથમ વર્ષની પૂરેપૂરી ફી ભરવાની રહેશે અને કોઈપણ પ્રકારનું રીફંડ મળવાપાત્ર થશે નહીં.

(૫) સંસ્થા કોઈપણ સંજોગોમાં ઉમેદવાર પાસેથી પ્રવેશ રદ કરાવ્યાના કિસ્સામાં, પૂરા અભ્યાસક્રમની ફી વસૂલ કરી શકશે નહીં.

ફી પરત કરવા અંગેની આ કાર્યવાહીનું દરેક સંસ્થાએ ચૂસ્ત પાલન કરવાનું રહેશે. ફી પરત ન કરવા અંગે અથવા તો અસલ શૈક્ષણિક પ્રમાણપત્રો ઉમેદવારને પરત ન કરવા અંગેની સંસ્થા વિરુધ્ધની ફરિયાદ ગંભીરતાથી લેવામાં આવશે. આવા કિસ્સામાં ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ, ૨૦૦૭ (ગુજરાત કાયદા ક્રમાંક ૨/૨૦૦૮) ની કલમ ૧૪ અન્વયે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

**ઉમેદવાર તથા વાલીને આથી જણાવવામાં આવે છે કે —**

**(૧) પાકી પહોંચ મેળવ્યા સિવાય સંસ્થા સ્તરે કોઈપણ પ્રકારનો નાણાંકીય વ્યવહાર કરવો નહીં. રાજ્યની કોઈપણ વ્યાવસાયિક ટેકનીકલ અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓમાં ડોનેશન, કેપિટેશન ફી વિગેરે વસૂલવા અંગે નિષેધ છે.**

**(૨) કોઈપણ વ્યવસાયિક ટેકનીકલ અભ્યાસક્રમ ચલાવતી સંસ્થામાં પ્રવેશ મેળવતી વખતે અસલ પ્રમાણપત્રો જમા કરાવવા નહીં, છતાં પણ જો પ્રમાણપત્રો જમા કરાવવામાં આવશે તે તેઓની અંગત જવાબદારી રહેશે.**

દરેક ઉમેદવારોને ઉપરોક્ત મુદ્દાની નોંધ લેવા ભારપૂર્વક જણાવવામાં આવે છે.